અબજો-કરોડો ખાઇને પણ એ ધરાતાં નથી!
પંચતારક થાળીથી પણ પેટ ભરાતાં નથી!
ઉડાવે મજાક ભૂખ્યાં ગરીબોની આ ભીમસેનો -
છે ઓથમીર, વિચારી નિવેદનો કરતાં નથી
(૧, ૫, ૧૨ રૂપિયામાં જમો)

કરે છે ન્યાય,
નિજ 'અલમસ્તી'માં
થાય વિવાદ!!
(દેખ કબીરા રોયા!)

ખરીદી લે છે!
શું ઇલ્કાબ આપીને?
બૌધિક 'રત્નો'?!
(નેતાઓનું નિમ્ન સ્તર)

ચિંતન

યેનાંચલેન સરસીરૂહ લોચનાયા સ્નાતઃ પ્રભૂત પવના દુદયે પ્રદીપઃ ।
તેનૈવ સોઅસ્ત સમયે અસ્તમયં વિનીતઃ કુદ્ધે વિધૌ ભજતિ મિત્રમમિત્ર ભાવમ્ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ નામે - નસીબનો મહિમામાંથી આ શ્લોક છેઃ

'જયારે દીવો પ્રકટાવવાનો હોય ત્યારે સુંદર સ્ત્રી, પોતાના પાલવ વડે પવનથી દીવો જયારે બુઝાવવાનો હોય ત્યારે એ જ પાલવ વડે હલાવીને પવન નાખી દીવો બુઝાવે પણ છે. અર્થાત - એ જ પાલવ દીવાના રક્ષણ માટે અને હોલવવા માટે પણ નિમિત્ત બને છે.'

એટલે કે જયારે વિધાતા સહાય રૂપ મિત્ર તરીકે મદદ કરે છે. સારાં નસીબ હોય ત્યારે એ જ વિધાતા સહાય રૂપ બને છે. પરંતુ જયારે વિધિ ક્રોધમાં હોય, નસીબનો સાથ ન હોય ત્યારે એ જ વિધાતા - પાલવ જ તે દીવાના 'નાશ' માટે પણ કારણ રૂપ બને છે.'

નશીબ-વિધાતા-ગ્રહોનો સાથ હોય ત્યારે સૌ કોઇ મિત્ર બની મદદરૂપ બને છે પણ વિધાતા રૂઠે ત્યારે સંબંધીઓ - મિત્રો પણ દુશ્મન બની જાય છે અને પડતાં પણ વધારે પાટું પડે છે. મિત્રો પણ દુશ્મન બની જાય છે.

સુવિચાર

- જો તમે તમારા અનુભવોનો સમજણપૂર્વક ઉપયોગ કરો તો કશું જ સમય નો વેડફાટ નથી **- કાન્તિ ભટ્ટ**
- જયારે તમે ઉચ્ચ શિખરે પહોંચી ગયા હોય ત્યારે ત્યાંથી નવી ક્ષિતિજો શોધી કાઢવી એનું નામ જ સફળતા **- એ.પી.જે. કલામ**
- ચાહવું એટલે હૃદયથી પ્રશંસા કરવી... પ્રશંસા કરવી એટલે દિલથી ચાહવું- **ચીની કહેવત**
- અંધ હોવું એ કમનસીબી છે, પણ છતી આંખે સાચું ન જોવું તે વધુ ખરાબ છે- **જ્ઞાનસૂત્ર**
- ગાંધીજીને શ્રેષ્ઠ અંજલી આમ પણ આપી શકાય. કે જેમાં ત્રણ નવા મંત્રાલય શરૂ કરી શકાય (૧) મિનિસ્ટ્રી ઓફ ટ્રુથ (સત્યરક્ષા મંત્રાલય) (૨) મિનિસ્ટ્રી ઓફ પીસ (શાંતિરક્ષા મંત્રાલય) (૩) મિનિસ્ટ્રી ઓફ હ્યુમન સર્વીસ (માનવ સેવા મંત્રાલય) **- જન કલ્યાણ**
- માનવીય અભિગમ અને નિઃસ્વાર્થ કરેલો પ્રેમ ભગવાન સુધી પહોંચે છે- **ફાધર વાલેસ**
- દરેક માણસમાં ભીંતરમાં રહેલ ભગવાન ને ઓળખવો એ સેવાકાર્યનો મહામંત્ર છે **- સાધુ વાસવાણી**

બોધ કથા

'મધ્યાહન ભોજન' યોજના ગરીબ બાળકો માટે ઉત્તમ યોજના છે પણ કેટલાક બેદરકાર કર્મચારીઓ ને કારણે બંધ ન કરી શકાય. રાષ્ટ્રવાદી મુસ્લિમો અનેક છે પણ એક-બે 'કટ્ટરવાદી'ને કારણે આખી કોમને ન વગોવાય, સંત-સાધુઓ ખૂબ સંયમી જ હોય છે પણ એક-બે ને કારણે આખો 'સંપ્રદાય' કંઇ ખરાબ ન થઇ જાય..

એક યુવાન પગ પછાડતો સંત પાસે આવ્યો. તેના પરિવાર જનોએ જ એની સાથે છેતરપીંડી કરી હતી. સમાજને ગાળો દેતો હતો અને સાધુ થઇ જવાની ઇચ્છા વ્યક્ત કરી! જમાનો-સમાજ તદ્દન ખરાબ છે!

સાધુ એનો બળાપો પારખી ગયા અને કહ્યું, 'આંખ બંધ કર' હવે તને હું આપું છું તે વસ્તુ બંધ આંખે જ પકડી લેજે!

યુવાને આંખ બંધ કરી અને આસપાસ ફંફોળવા લાગ્યો - અને હાથમાં એક જોરદાર 'કાંટો' વાગ્યો અને આંખ ખોલી જોયું તો ખીલેલાં ગુલાબ સાથેનો એક છોડ પોતાના હાથમાં હતો ત્યાં લોહીનું ટીપું પણ ઉપસ્યું હતું. સંતે પૂછ્યું તને કંઇ સમજાયું?

'સમાજમાં ફૂલ તો છે કયારેક કાંટો પણ વાગે તેથી કરીને કંઇ ગુલાબનો છોડ ફેંકી ન દેવાય! દરિયાનું ખારૂં પાણી ચાખી કંઇ આપણે પીવા લાયક જળનો ત્યાગ નથી કરતા. એક-બે વ્યક્તિ ખરાબ હોય તેથી કંઇ આખો સમાજ ખરાબ નથી થઇ જતો! શ્રદ્ધા-વિશ્વાસ રાખી, સમાજનો સ્વીકાર કરો.'

Email - sureshchandrabhatt18@gmail.com

જગતને ઉપયોગી હોય તેવું કશુંક તમે મેળવી લ્યો, પછી ભલે તમે અગોચર જંગલમાં વસતા હશો તો પણ જિજ્ઞાસુઓ તમારા જ્ઞાનનો, પ્રાપ્તિનો લાભ લેવા ત્યાં આવી પહોંચશે

મોંઘેરા મોતી

- નટવર આહલપરા

ગામડાના ગોંદરે પાંગરેલી પ્રતિભા શ્રી મનસુખભાઈ કળસારા



આજે પણ અનેક ગામડાના ખૂણે બેસી કલા સાધના કરતા અને બેનમુન કૃતિનું સર્જન કરતાં અનેક કારીગરો, કલાકારો કોઈ પ્રતિષ્ઠા, નામના મેળવવાની ઈચ્છા વિના આનંદથી જીવી રહ્યા છે. આવા જ એક નિજાનંદી કાષ્ઠ કલાના સાધક છે. શ્રી મનસુખભાઈ પોપટભાઈ કળસારા. મગજની બિમારી અને ઉંમરને કારણે મનસુખભાઈ કામ કરતા નથી. પણ તેમના સુપુત્ર ભાઈ નલિને પિતાનો વારસો સરસ રીતે સંભાળ્યો છે. એવું કાંઈ નથી કે ફૂલો બગીચામાં જ ખીલે. સુમસામ સીમ, વગડાની કેડીએ કે ખેતરની વાડયની થોર વચ્ચે પણ પુષ્પો પાંગરી જતા હોય છે પણ મોટાભાગે શહેરી ફૂલવાડીઓમાં કે પછી કુદરતી ફૂલોને પણ ભૂલાવે તેવા કૃત્રિમ પ્લાસ્ટિકના પુષ્પોને પસંદ કરવા ટેવાયેલી આપણી આંખ આવા એકલદોકલ વગડાઉ ફૂલને ભાળી શકતી નથી. કોઈ રડ્યુ ખડ્યું પતંગિયું તેની ઉડતી મુલાકાત લે કે ન લે. છતાં ખીલવાનો પોતાનો પ્રકૃતિ ધર્મ તે છોડી દેતું નથી. કદાચ ગંધ ન હોય, સુગંધ ન હોય, પણ રંગ અને આકારથી તો તેને કુદરતે વંચિત રાખ્યા નથી હોતા. ગ્રામ-પરિવેશનો કોઈ પરખંદો આ વગડાઉ શોભામાં પ્રકૃતિના મોટા કલાકારના દર્શન કરે છે. તેની રંગલીલા માનવીને પ્રભુનું સ્મરણ કરાવી જાય છે, ત્યારે તેનું ખીલવું-ખરવું સાર્થકતા અનુભવે છે.

ગામડાના એકાદ ખૂણામાં વસીને પોતાની કુદરત બક્ષી કલાના પુષ્પોનો પરિમલ પ્રસરાવનાર આવા એક વગડાઉ વ્યક્તિની વાત કરવી છે. કલા પ્રદર્શનો, કલા પારિતોષિકોની ઝાકઝમાણથી સાવ અજાણ રહી. જરાક અમથુ ચિતર બિલાડું કરી તેની છબી છાપામાં પ્રસિદ્ધિ અર્થે દોડી જવાની હરખપદુડાઈથી માઈલો દૂર પોતાના ઘરના ખૂણે બેસી કુદરતે બક્ષેલી સર્જનાત્મક સુંદર મજાની કાષ્ઠ કૃતિઓમાં આ એકલપંથી કસબી કલાકાર કંડારનારનું પૂરું નાં છે. મનસુખભાઈ પોપટભાઈ કળસારા(મિસ્ત્રી)

તા. ૨૫ માર્ચ ૧૯૪૩માં લાડી તાલુકાના મતિરાળા ગામમાં તેમનો જન્મ. અભ્યાસ જુનીયર પી.ટી.સી. સુધીનો માસ્તર ન થતાં સુતાર જ રહ્યા. કારણ કે હાથની આંગળીઓને ચાક- સ્ટીક કરતાં રંધો અને ચોરસી પકડવી વધુ ગમે. એકવાર લાકડાના કટકા માંથી ગાય ઘડી. લોકોને ગમી. બીજા નાના-મોટા પ્રાણીઓ- રમકડાં ઘડ્યા. પછી માણસને ઘડવાનું મન થયું. સંત બજરંગદાસ બાપુની પ્રતિમા ઘડી. સુંદર થઈ. આત્મવિશ્વાસ વધ્યો. સર્જન થવા લાગ્યું. પોતાની આ સાધનામાં કુદરતી પ્રેરણા કેવી રીતે નિમિત બની. તેની વાત શ્રી મનસુખભાઈ આમ રહે છે.

સન ૧૯૮૨માં ફૂંકાયેલા વાવોઝાડમાં ઘરનું રહેણાંક પડી ગયું. જાતે કાટમાળ ફેરવતાં ગંભીર માંદગીનો ખાટલો મળ્યો. બીક લાગી, કયાંક પરવશ થઈ જઈશ તો? જિંદગીમાં જાણે વાવાઝોડું ફૂંકાયું! પ્રભુને સંભાર્યાઃ હું પરાધીન ન બનું. તારી પ્રેરણાથી કામ કરતો રહું. તું ઉગારી લે મને! સાચા હૃદયનો પોકાર કદી અફળ જતો નથી. સાજા થયા. ચોરસી, રંધો હાથમાં લીધા. બુથડ લાકડામાંથી અવનવા ઘાટ ઘડવા લાગ્યો.

શ્રી મનસુખભાઈ મિસ્ત્રીએ ઘડેલ આ ઘાટ એટલે આપણાં શંકર- પાર્વતી, લક્ષ્મીજી, ગણપતિ, કૃષ્ણ-અર્જુન, હનુમાનજી, કાનુડો જેવા દેવ-દેવીઓની લઈને સંત અવતાર બજરંગદાસ બાપુ, સાંઈબાબા, ભગવાન સ્વામિનારાયણ, વિવેકાનંદ, વિશ્વકર્મા પ્રભુજી ઉપરાંત જાતજાતની નકશી વાળા કૂંજાઓ, તાસકા, દેવમંદિર અને અમરેલીના ટાવર શુદ્ધાં તેમની કાષ્ઠ કોતર કલાનો વિષય બન્યા છે.

કલાકારના હૃદયમાં કરૂણાની સરવાણી ફૂટે ત્યારે તેમાંથી જે પ્રગટ થાય, તેનું નામ કલા. આવું માનતા મનસુખભાઈ પોતાના આ સર્જનકલા માટે ન્યુવુડ, ચંદન, સેવન અને સાગ જેવાં કાષ્ઠનો ઉપયોગ કરે છે. કોઈ પણ જાતની તાલીમ વિના કેવળ કુદરતી દેણગી અને જાત પરિશ્રમથી કેળવણી બદ્ધ થયેલ મનસુખભાઈએ દિવસ અને રાતની મહેનતથી ઘડી કાઢેલી આવી નાની મોટી કૃતિઓની સંખ્યા લગભગ ત્રણેક હજારના આળે-ગાળે આંબી ચૂકી હશે. જે એક સીમાચિહ્ન જ કહેવાય. દાદા વિશ્વકર્માજીના જાણે ચારેય હાથ તેમના પર વરસ્યા કેમ ન હોય!

જીવનમાં કોઈ એકાદ કલાનો સંગ સમગ્ર જીવનને ભર્યું ભર્યું બનાવી શકે છે. કલાની સાધના જ પ્રભુજીની પ્રાર્થના-આરતી બની જાય છે. આવું કહેતા મનસુખભાઈ કૃતિને ઘડતી વેળા સમગ્ર કૃતિના સર્વ અંગોપાંગો સુંદર અને સપ્રમાણ બને, કૃતિ સ્વયં બોલતી લાગે, તેનું ખાસ ધ્યાન રાખતા હોય છે. મનમાં કોઈ નવા સર્જનનો વીજ ચમકાર પ્રગટે ત્યારે શાંત વાતાવરણમાં શાસ્ત્રોક્ત વિધિવિધાન પ્રમાણે તેઓ રચનાનો પ્રારંભ કરે છે.

જગતને ઉપયોગી હોય તેવું કશુંક તમે મેળવી લ્યો, પછી ભલે તમે અગોચર જંગલમાં વસતા હશો તો પણ જિજ્ઞાસુઓ તમારા જ્ઞાનનો, પ્રાપ્તિનો લાભ લેવા ત્યાં આવી પહોંચશે. અમેરિકાના રોચેસ્ટર શહેરના પ્રવેશ દ્વારે કોતરેલું આ વાક્ય લાઠી તાલુકાના એક નાનકડા ગામ મતિરાળામાં વસતા મનસુખભાઈ મિસ્ત્રીના જીવનમાં સાર્થક થયું છે. શારીરિક સ્વાસ્થ્યની તકલીફના કારણે પોતે મતિરાળા છોડીને અન્યત્ર જવાનું પસંદ કરતા નથી. છતાં નવી દિલ્હીના નહેરૂ બાલા ઉદ્યાનના નિયામક ડો. શ્રીમતી મધુ પન્તેથી લઈને દ્વારિકાની બી.એડ. કોલેજના શિક્ષણ વિદ્ નામી-અનામી કલા પ્રેમીઓએ તેમની આ કલા કારીગરીને નજરે નિહાળી તેમને અભિનંદીત કર્યા છે તેમની કૃતિઓને મૂલવી જાણી છે.

તેમની કલાકૃતિઓનું પ્રથમ પ્રદર્શન જાન્યુ. ૧૯૯૫માં યોજાયું હતુ. તદુપરાંત અમરેલીમાં તેમજ અમદાવાદ ખાતે યોજાયેલા પ્રદર્શનમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા તેમની કાષ્ઠ કૃતિઓ પ્રદર્શિત થયેલી. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ઉપરાંત ન્યુવુડની અમદાવાદ કચેરી દ્વારા તેમને જાહેરમાં સન્માનીત કરાયા છે.

તેમણે સર્જેલી ઓમકારની રચના અનેક લોકોએ પોતાના પૂજાઘરોમાં રાખી છે. તેમની વિવિધ પ્રતિમાઓ જેવી કે ગણપતિ, દિલ્હી બાલભવનમાં ભગવાન સ્વામિનારાયણની ન્યુવુડમાંથી ઘડેલી દ્દટજ ફૂટની પ્રતિમા લિલીયાના મંદિરમાં છે. ભગવાન વિશ્વકર્માની પ્રતિમાને તો અમદાવાદ ન્યુકેમ લિ.ની કચેરીમાં સ્થાન પ્રાપ્ત થયું છે. ઉપરાંત દેશ-વિદેશના અનેક સંગ્રાહકોના નિજી સંગ્રહમાં સ્થાન પામેલ છે. ૧૯૯૩ ફેબ્રુઆરીમાં અમરેલી જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર આયોજિત હસ્તકલા પ્રદર્શન અને વેચાણ શિબિરમાં મનસુખભાઈએ ભાગ લીધેલ. જેમાં તેઓને પ્રમાણપત્ર પુરસ્કાર મળેલ છે.

મનસુખભાઈના કૌશલ્યનું આશ્ચર્યકારક ઉદાહરણ છે. એક સાંકળ ૫ એમ.એમ.ના લાકડામાંથી આંટીવાળી સાંકળ અને ૩૦ એમ.એમ.ના લાકડામાંથી કોઈપણ જાતના સાંધા વિનાની સાડા છ ફૂટની સળંગ સાંકળ તેમણે કોતરી છે. એક એક કડી પરોવીને નહીં, પણ સળંગ લાકડામાંથી જ એક એક કડી એવી રીતે ઘડવી કે તે એક બીજામાં અંકોડાયેલી હોય! દક્ષિણ ભારતના એક મંદિરમાં કહેવાય છે કે, કોઈ નર્તિકાની પ્રતિમાના પગનું નૂપુર શિલ્પકારે સળંગ પથ્થરમાંથી પગની સાથે એવી રીતે છૂટું ઘડ્યું છે કે, તે પગમાં ફરી શકે! આ સાંકળ પણ તેનું ઉદાહરણ છે.

કાષ્ઠ પ્રતિમા કંડારતા- કંડારતા જ આંખ મીંચાય તેવી ઈચ્છા ધરાવતા મનસુખભાઈ ફૂરસદમાં ધાર્મિક વાંચન અને સત્સંગમાં સમય વિતાવે છે. તેઓ કહે છે કે, 'જો મને સમાજ અને સરકારશ્રી તરફથી યોગ્ય પ્રોત્સાહન મળ્યું હોત તો હજુ વધારે સારું કાર્ય કરી શક્યો હતો.' મનસુખભાઈના મગજના ઓપરેશન બાદ હવે તેઓ કાષ્ઠકલા કારીગરી કરી શકે તેમ નતી. એકોતરે વર્ષની ઉંમરે પહોંચેલા મનસુખભાઈનો આ અમૂલ્ય વારસો તેમના ચોથા નંબરના દીકરા નલિનભાઈ કાષ્ઠકલા કરી સંભાળી રહ્યાં છે. ખરા અર્થમાં કાલા કારીગરી દ્વારા મનનું અપાર સુખ પ્રાપ્ત કર્યું છે તેમ કહીએ તો ખોટું નથી. મનસુખભાઈની અપ્રતિમ કલા સાધનાને વંદન...

એમના ઇશારા રમ્ય છે, પણ એનું શું કરું?
રસ્તાની જે સમજ દે, અને ચાલવા ન દે

વિચાર યાત્રા

- ડો. જય ઓઝા

"મમ્મી કાલે રવિવાર છે, બધા મિત્રો ફરવા જવાના છીએ, પિક્ચર જોવા જવાના છીએ, મને જવા દેશો ને?"

ઘરે સંતાન દ્વારા પૂછવામાં આવ્યું. એ મમ્મી - પપ્પાની રજા માંગતો હતો. જવાની ઘણી ઇચ્છા હતી પણ ઘરેથી જવાદે તો ને! તેની માટે આ અગત્યનો પ્રસંગ હતો, કારણ કે બધા મિત્રો ઘણા દિવસો પછી ભેગા થતાં હતા. એણે બહુ આશાથી ઘરે વાત કરી, અનુમતિ માગી અને જવાબની રાહ જોઇ.

મમ્મીએ જવાબ આપ્યો - "તું જઇ શકે છે, પણ તું જાય તો અમને ચિંતા થાય, દુઃખ થાય એટલે તું ન જાય તો સારૂં. પણ તને છૂટ છે, ઇચ્છા હોય અને તારૂં હૃદય માનતું હોય તો જઇ શકે છે."

આમા 'હા' પણ નથી અને 'ના' એમ પણ નથી. બેમાંથી એક રસ્તો કાઢી આપવાની બદલે બંને માર્ગ બંધ કરવાનું કાવતરૂં છે. પેલો છોકરો હવે પિક્ચર જોવા જશે એવા ભાર સાથે કે મા-બાપને દુઃખમાં અને ચિંતામાં નાખીને જાય છે. એટલે પિક્ચરની મજા મરી જાય છે અને પિક્ચર જોવા નહીં જાય તો ઘરેથી રજા મળી હોવા છતાં ન ગયાનો વિચાર પજવશે, તેને દુઃખી કરશે.

એક બાજુ એને જવું છે, અને જો જાય તો ગુનો કરી બેસે, અને ન જાય તો મુર્ખામી કહેવાશે - કારણ કે દેખીતી રીતે ઘરેથી હા પાડી છે. છતાં ન ગયો - આવો વિચાર મગજને કોરી ખાશે. જવામાં પણ દુઃખ અને ન જવામાં પણ દુઃખ પિક્ચર જોવાની મજા પણ ન પડે અન મમ્મી-પપ્પાનું કહ્યું કર્યાનો સંતોષ પણ ન મળે. આવા વિચિત્ર જવાબથી બંને રસ્તા બંધ થઇ ગયા.

મમ્મી-પપ્પા એને જવા દે છે. પણ દુઃખ લગાડીને જવા દે છે. છૂટ આપે છે પણ પહેલા દંડ કરે છે. "જવું હોય તો ભલે જાય પણ અમને દુઃખ છે. એટલો ખ્યાલ રાખજે." આવું સાંભળ્યા પછી સંવેદનશીલ પાલ્ય શું મોઢું લઇને પિક્ચર જોવા જાય? જો પિક્ચર જોવા નહોતો જવા દેવો તો પછી ચોખ્ખી ના પાડવી જોઈતી હતી. "તારે જવાનું નથી, અમને ગમશે નહિં." પણ જવાબદારી સ્વીકારવી નથી. ચોખ્ખી ના પાડવી નથી. અમે તો જવા દઇએ છીએ, અમે અનુમતિ આપી છે, તેવી જાહેરાત કરે છે. પણ છેલ્લે પાછું કહે છે કે 'તું જઇ શકે છે. તારૂં હૃદય માનતું હોય તો જા. પણ એવી રીતે હા પાડે છે તેનો લાભ ન મળે. એટલે માતા-પિતા સલામત અને બોજો સંતાનો પર.'

"તારૂં હૃદય માને તેમ કરજે!" ભારે શબ્દોથી કચવાતા મને આવું કહે છે, એટલે જો તે બાળક જાય તો હૃદય ખોટું છે, એમ માનવાનું? સંતાન સંવેદનશીલ છે. તેનો ગેરલાભ લેવામાં આવે છે. લાગણી વચ્ચે લાવીને માનસિક રીતે જુલમ કરવામાં આવ્યો છે. ચોખ્ખી ના નથી પાડી કારણ કે આ સંતાને આ પહેલા કયારેય માતા-પિતા આગળ કોઇ અઘટિત માંગણી નથી કરી. સંતાન આજ્ઞાકિત છે, વિવેકી છે, માતા-પિતાનું કહ્યું માને છે. અત્યાર સુધી માનતો આવ્યો છું. આથી જયારે આવી માંગણી મૂકે ત્યારે સીધી ના ન પાડી શકાય આથી આડકતરી રીતે ના પાડે છે. વાંધો આની સામે જ છે.

ઇમોશનલ બ્લેક મેલિંગ કરીને સંતાનને ગૂંચવણમાં શા માટે મૂકતા હશે? જયારે સંતાન તમારી પાસે કોઇ રજા માંગવા આવે, કોઇ સલાહ માંગવા આવે છે, કારણ કે આ વિષય માટે એ પોતે કોઇ ચોક્કસ નિર્ણય લઇ શકતો નથી. એટલે તમારી પાસે આવ્યો છે. પણ તમે (માતા-પિતા) પણ નરો વા કુંજરો વા કરો તો પછી સંતાન કયાં જાય?

દીકરાને વ્યવસાય કરવો છે, તેને માટે પિતાની સલાહ માંગવા આવે છે, પિતા કહે છે - તારે ધંધો કરવો હોય તો કર. મને વાંધો નથી પણ પછી બધી જવાબદારી તારી રહેશે, મને ગમશે તો નહીં પછી છેવટે તારી મરજી. અરે! બાપા એની મરજી પ્રમાણે તો એને વ્યવસાયમાં રસ છે જ. તમારૂં થોડું પીઠબળ લેવા માટે એ આવે છે ત્યારે તમે તેની પર જવાબદારી નાખી ને છંટકવાનો ધંધો આદરો છો.

એટલે આગળ જતાં સંતાને લીધેલો નિર્ણયમાં કોઇ અડચણ આવે, મુશ્કેલી આવે ત્યારે આખા ગામની જેમ પોતાને પણ કહેવા થાય કે - "ભાઇ! મેં તો ના જ પાડી હતી. પણ અમારૂં માને તો ને!"

આજ્ઞા કરતી વખતે વાત અને વિચાર સ્પષ્ટ હોવા જોઇએ. "હા"ના રૂપમાં "ના" અને "ના"ને બહાને "હા" એ ખોટી વાત છે. અનિશ્ચિતતા અને સંદિગ્ધતા એ નિર્બળતા છે અને આ ભેદ-ભરમવાળો 'હ' કાર મુશ્કેલીમાં મુકે છે.

ઘડી વડીલો સામાવાળાની લાગણીસભર ભાવનાનો ઉપયોગ કરવામાં કાબેલ હોય છે. સંવેદનશીલ વ્યક્તિને એવી રીતે કલચમાં લે છે કે પેલો અધમૂઓ બની જાય છે. હિન્દી પિક્ચરનો પ્રખ્યાત સંવાદ "બેટી તુઝે ઉસ લડકે કે શાદી કરની હૈ તો તું ખુશી સે કર સકતી હૈ લેકિન તુઝે મેરા મરા મુંહ દેખના પડેગા." કોઇ હથિયાર ન મળે એટલે છેલ્લે આ બ્રહ્માસ્ત્ર છોડવામાં આવે.

લગ્ન કરવા માટે માતા-પિતા પાત્ર શોધી આપે અને સંતાન પ્રભુતામાં પગલા પાડે, સંસાર-રથ આગળ ચાલતો જાય, સાસુ-વહુની ચકમક ઝરવી ચાલુ થાય સૂડી વચ્ચે સોપારી જેવી સ્થિતિ સંતાનની થાય. પછી વિધાન છૂટે - "ભાઇ એનો પરિવાર એણે સંભાળવાનો છે, હવે એ જાણે અને એના નસીબ. કેમ ભાઇ નસીબના હવાલે કેમ કરો છે. લગ્ન વખતે તો પેલાએ કીધું તેમ કર્યું, હવે થોડી અડચણ આવે છે એટલે હાથ ઊંચા કરી દેવાના!"

પ્રશ્ન પરિવારનો છે, સંકટ સમયે તેને એકલો કેમ મૂકો છો, એણે જ નિર્ણય કર્યો છે તેમાં તમારો સ્પષ્ટ અભિપ્રાય આપો. એણે અપનાવેલા રસ્તા પર જવા દેવાની તૈયારી બતાવો, અથવા તો ત્યાં કેમ ન જવું જોઇએ તેના ચોક્કસ કારણ જણાવી સ્પષ્ટ ના પાડો, પૂરા આશીર્વાદ આપો, આનંદ આપો, વિશ્વાસ આપો કે તમે અધકચરા તેમની સાથે નથી પૂરેપૂરા સાથે છો, તમારા સંતાનને તમારા સ્પષ્ટ ઉત્તરની આવશ્યકતા છે.

અરે મુરખા! એક પ્રધાન આવું બોલી ગયા... ભલે ખોટું હોય પણ તેમનાં પક્ષના હિસાબે એક જુઠ્ઠ છુપાવવા સો વખત ખોટું બોલવું પડે છે

વ્યંગ લેખ

- મહેન્દ્રભાઈ રાઠોડ

ઝરમર-ઝરમર વરસાદ વરસી રહ્યો છે. સવારનાં ચાર વાગવાની તૈયારી છે. હજુ અખબાર વાળાઓ રણમેદાનમાં આવ્યા નથી. ત્યા તો ગરીબોની લાઇન લાગી જાય છે. છાપા આવ્યા નથી ત્યાં તો છાપા લેવા માટે હો... હો... હો... દેકારો કરી મુક્યો. અને અંદરો-અંદર જાત-જાતના અને ભાત ભાતના વાતોનાં ધડાકાઓ કરવા લાગ્યા.

"આપણા દેશમાં ગરીબાઇ દૂર થઇ ગઇ છે... આલ્લાલા ... આલ્લાલા... હવે આપણે અમીર કહેવાસું. દરરોજ રૂા. ૨૭ કે ૩૪ કમાઇ લઇશું, એટલો ભયો ભયો."

"અલ્યા, આવું તને કોને કહ્યું?"

"રેડિયો, ટી.વી.માં આજ સમાચાર આવે છે. અને આખો દિવસ આક્ષેપ - પ્રતિ આક્ષેપો કરતા રહે છે."



"હા, ભાઇ હા! કાલે જ સમાચાર સાંભળ્યા હતા કે, રૂા. ૧૨માં પેટ ભરીને ખાણું મળે છે. કોઇ કહે પાંચ રૂા.માં પેટ ભરીને ખાણું મળે છે. એક પ્રધાને તો એવું કહ્યું કે રૂા.માં પણ પેટ ભરીને ખાઇ શકાય છે." તો આ તમને સાચું લાગે છે?

"આ તો આપણી રમુજ કરે છે. આ બધા પ્રધાનોને પણ ખબર છ`કે રૂા. ૨૭ કે રૂા. ૩૪ કમાય તો તે અમીર ન કહેવાય."

"તો આ હંધાય પ્રધાનો આવું કેમ કહેતા હશે?"

"અરે મુરખા! એક પ્રધાન આવું બોલી ગયા... ભલે ખોટું હોય પણ તેમનાં પક્ષના હિસાબે એક જુઠ્ઠ છુપાવવા સો વખત ખોટું બોલવું પડે છે. બીજું, આપણે અત્યારે એવી કારમી મોંઘવારીમાં કચડાઇ રહ્યા છીએ કે આપણે બધા સમતુલા ગુમાવી બેઠા છીએ. આ બધા પ્રધાનોનો આભાર માનો કે આવી ઢંગધડા વગરની વાતો કરીને આપણને કેવા આનંદ વિભોર કરી નાખ્યા છે. બધું ટેન્શન ખલાસ!"

"આમ તો આ બધા પ્રધાનો ગરીબડી ગાય જેવા થઇને કહે છે કે ગરીબાઇ હટી ગઇ... તો આ શું ખોટું?"

"અરે... ડફોળના ભાઇ! તારેય ધોળા આવ્યા અને મારેય ધોળા આવ્યા. આપણે સ્વતંત્ર થયા ત્યારથી આવું બોલ્યાં જ કરે છે. આપણે સ્વતંત્ર થયા ત્યારે તું ૧૩ વરહનો હતો અને હું ૧૮ વરહનો હતો. આજ લગન તારા કે મારા ઝૂંપડામાંથી મકાન બન્યું? આ તો બધાં આપણને રાજી જ રાખે છે."

"તો આ લોકો આવું કેમ કરતા હશે?"

"અરે, મુરખના જામ! તને હજી અક્કલ આવી નહિ. આ તો ચૂંટણીઓ આવે છે એટલે આવા - આવા કઇક ગતકડા કાઢશે. હજુ તો તમારી ઝૂંપડપટ્ટીમાં આવી નરમ ઘેસ જેવા થઇ તમને પગે પણ લાવશે. અને એક કૂતરૂ બીજી શેરીમાં જાય અને તેને બીજા કૂતરા દેખી જાય તો આવનાર કૂતર- બે પગ વચ્ચે કેવી પૂંછડી કાઢી ઘૂરકીયા કરવા લાગે છે. તેવું જ આ લોકો કરે છે સમજ્યો?"

ત્યાં તો છાપાનાં બંડલે બંડલ આવી ગયા અને "ત્યાં ને ત્યાં ચપોચપ છાપા ઉપડી ગયા. છાપા વાંચી ઘણાં હરખાતા હતા તો ઘણા કહેતા હતા કે..."

"એક કપ ચાના-૧૦-૧૨ રૂા. લે છે તો ખાવાનું કયાંથી મળે?"

"કઠોળ ૭૦-૮૦ થી ૧૦૦ રૂપિયે કિલો છે, તો રૂા. ૧ માં ભાણું કોણ આપે?"

"હે, ભાઇ! મેં એવી વાત સાંભળી છે કે સંસદની કેન્ટીમાં રૂા. ૧ ની ચા, ૧ રૂપિયામાં રોટલી, રૂા.૨ માં વડાપાઉં, રૂા. ૧૦માં થાળી મળે છે. તો તે વાત સાચી હશે?"

"પાછી ડફોળાઇ કરી? એ આપણે માટે નહિ... એ તો એમને માટે છે."

"પણ એમને સસ્તું શા માટે આપવું પડે? એમનો પગાર તો રૂપિયા ૮૦,૦૦૦ જેવો હોય છે, તો બીજા પગાર વધે એનું એ શું કરતા હશે?"

"ગોબરીયા...! તારે આ બધી પંચાત કરવાની શી જરૂર છે? ચૂંટણી ટાણે કેટલા ફદીયા વેર્યા હતા તે તેની તને ખબર છે? બેંકમાંથી નોટોનાં ને નોટોનાં બંડલ લાવતા હતા ત્યારે ત્યાં તું હતો? મુકને માથાકૂટ."

"પાવો પાવાના પાપે જશે. શાંતિ રાખ, શાંતિ રાખ."

"જે હોય તે હવે મુળ વાત પર આવો ને..."

"આ બધી મૂળ વાત જ છે. સત્તા ઉપર ટકી રહેવા સત્તા ઉપર આવવા આવા ફૂગ્ગા ફોડવા જ પડે. તારે રૂપિયા ૧૦માં જમવું હોય તો હું ય તને ત્રણ શાક, રોટલી, પુરી, પાપડ - દાળભાત, દહીં, સલાડ જમાડી શકું..." "કંઇ રીતે તું રૂપિયા ૧૦માં આટલું બધું જમાડી શકે?"